## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*દરેક સરકારી ભાણાંમાંથી, સૌ જમ્યા કરે છે!*
*બધી ભૂખી આંખ ભ્રષ્ટાચાર પર ભમ્યા કરે છે.*
*ખમ્યા કરે ઓછે માર પ્રજા તપાસનાં નાટકનો -*
*નીતિ-નિયમો તો સત્તાના હાથમાં રહ્યા કરે છે!!*
*(દરેક મંડળીઓમાં સહકારી ભ્રષ્ટાચાર)*

### હાઈકુ

*ખૂલ્લે-આમ, ને*
*નિર્ભય, ભ્રષ્ટાચાર -*
*છે પારદર્શી!*

*લ્યો! ખાયકીનું -*
*મંડળીઓમાં પણ -*
*ઉભરે દૂધ!!*

### ચિંતન

*નાજેષુ, સર્વધર્મેષુ શાશ્વતાશાશ્વતાભિધા ।*
*યત્ર વર્ણા ન વર્તન્તે વિવેકસ્તત્ર નોચ્યતે ॥*

ઉપરોક્ત શ્લોક માંડુક્ય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

સર્વધર્મો કે જેની ઉત્પત્તિ જ નથી તેને નિત્ય-અનિત્ય એવી સંજ્ઞા જ ન આપી શકાય. જ્યાં શબ્દો જ હોતા નથી એવા આત્મામાં નિત્ય-અનિત્ય એવા વિવેકને પણ કોઈ અવકાશ નથી.

આત્મા અનિર્વચનીય છે, કેમ કે વાસ્તવમાં કેવળ ચૈતન્યઘન, સત્તા સ્વરુપ અને નિત્ય એવા અજન્મા આત્માની બાબતમાં 'તેન નિત્ય છે તે અનિત્ય છે' ઈત્યાદિ નામકરણની પ્રવૃત્તિ થઈ જ ન શકે.

જેમ માયામય બીજમાંથી માયામળ અંકુરાદિ થાય છે,તે નથી નિત્ય કે નથી અનિત્ય, તેમ સર્વે 'ધર્મો' પણ માયામય હોવાને કારણે નથી તેમનો જન્મ થતો કે નથી થતો વિનાશ. એ સર્વે ધર્મો આજ છે, તેથી તેમનું સ્વરુપનું વર્ણન કરવું અશક્ય છે.

### સુવિચાર

- સત્ય અને ન્યાય માટે ઉત્કંઠા રાખવી તેનું નામ જ સિદ્ધાંત - **વિલિયમ હેઝલિટ**
- સ્વાર્થ ના સહુ સગાં છે, પણ સ્વાર્થીનું કોઈ સગું હોતું નથી - **એસ ભટ્ટાચાર્ય**
- સ્વતંત્રતા અલ્પ હોય ત્યારે બંધિયારપણું લાવે છે,
  અતિશય હોય ત્યારે અંધાધૂંધી - **બર્ટ્રાન્ડ રસેલ**
- આપણે ઉપદેશ સાંભળીએ છે મણ, બીજાને આપીએ છીએ ટન,
  પણ ખુદ જીવનમાં ઉતારીએ છીએ કણ - **મોરારિ બાપુ**
- સમયની ક્ષણો હોય છે, કલાકો કે દિવસો નહીં - **ધર્મલોક**
- સફળતાની સીડી તમે ખિસ્સામાં હાથ નાખીને ન ચડી શકો - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : પા તોલો કાળી મુસળી ટોપરા સાથે ખાવાથી માથાનો દુઃખાવો મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક સૂફી થઈ ગયા. તેઓ નસ્સાજ નામે ઓળખાતા હતા. શરીરે તંદુરસ્ત અને મજબૂત કદ કાઠી હતા. એક શેઠે તેમને જોયા એમણે નસ્સાજને કોઈ ભાગેલો ગુલામ માનીને પૂછ્યું, 'તું ભાગેલો ગુલામ લાગે છે?' નસ્સાજે કહ્યું, 'હા, હું સાચ્ચે જ ખુદાથી ભાગેલો ગુલામ છું.' શેઠ 'મારી ગુલામી કરીશ??' નસ્સાજે જાણે ખુદાની રજામંદી લેતા હોય એમ આકાશમાં જોયું. પછી મનમાં બોલ્યા, 'હા, વર્ષોથી હું ખુદાને શોધી રહ્યો છું, કદાચ આ શેઠના સ્વરુપમાં મને મળી જાય.' સુફીએ શેઠની ગુલામી કરવા એમની સાથે એમના ઘરે રહેવાનું નક્કી કર્યું. શેઠે કહ્યું, 'હવે હું તારો માલિક છું, હું જે કામ ચીંધુ તે તારે કરવાનું.' નસ્સાજે કહ્યું, 'હું પણ એવું જ ઈચ્છું છું કે કોઈ મારો રાહબર બને. આ દુનિયામાં હું મારી મનમાની કરીને ફસાઈ ગયો છું.' શેઠને નસ્સાજની વાતોથી નવાઈ લાગી તેને થયું કે કાં તો આ માણસ પાગલ છે અથવા તો જ્ઞાની છે. નસ્સાજે પાંચેક વર્ષ ગુલામ તરીકે કામ કર્યું. માલિકની ખૂબ સેવા કરી. શેઠને મનમાં આવા સૂફીનું શોષણ કરવાનો ડંખ લાગ્યો. પસ્તાવો થયો તેણે નસ્સાજને બોલાવી કહ્યું, 'મને સતત લાગે છે કે મેં તમારું ખૂબ શોષણ કર્યું છે. હવે હું વધુ સમય ખુદાનો ગુનેગાર બનવા નથી માંગતો અને તમને મારી ગુલામીમાંથી મુક્ત કરું છું. હવે તમે તમારા માલિક છો.' નસ્સાજ આકાશ તરફ જોઈ હસ્યા અને કહ્યું, 'શેઠ આપની મોટી મહેરબાની. આપની ખિદમતથી મારો અહંકાર ઓગળી ગયો છે. અને હવે હું ખુદાની વધુ નજીક આવ્યો છું. હું તો આજે મુક્ત થઈ ગયો પણ તમે ક્યારે આ દુનિયાની ગુલામીમાંથી મુક્ત થશો?' આટલું કહી નસ્સાજ ખુદાના માર્ગ પર નીકળ્યા જ્યારે શેઠ તેમના આ છેલ્લા વાક્યોનો મર્મ શોધવા મથી રહ્યો.

# અલવિદા માધવસિંહભાઈ

**તંત્રીસ્થાનેથી...**

કોઈ નેતા એના જીવનકાળ દરમિયાન જ દંતકથા સમો બની રહે એવું ઓછા કિસ્સામાં જોવા મળે છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને કેન્દ્ર સરકારમાં વિદેશમંત્રી પદે રહી યાદગાર સેવાઓ આપનાર માધવસિંહભાઈ સોલંકી આવું જ એક અપવાદરુપ ઉદાહરણ હતા. ૩૦ જુલાઈ, ૧૯૨૭ના દિવસે જન્મેલા આ ક્ષત્રિય નેતા ત્રાણું વર્ષ વટાવી ચોરાણુમા વર્ષમાં પ્રવેશ્યા ત્યારે દર વર્ષની જેમ એમના જન્મદિવસની ઉજવણી કોરોનાકાળ ચાલતો હોઈ મોકૂફ રાખવામાં આવી હતી. તેઓ લગભગ પરમહંસ સ્થિતિને પામેલા હતા અને નિરંતર સમભાવ-સ્થિતપ્રજ્ઞ અવસ્થામાં રહેતા હત્ર્. બોફોર્સકાંડ સાથે તદ્દન નિર્દોષ હોવા છતાં ચિઠ્ઠી પ્રકરણમાં સંડોવાયા પછી એમને સક્રિય રાજકારણને રામ રામ કરી દીધા હતા છતાં એમનું રાજકીય કદ એવડું મોટું હતું કે ફક્ત કોંગ્રેસને નહીં બલકે વિપક્ષને પણ એમના પ્રત્યે ઊંડો આદરભાવ રહ્યા કરતો હતો. એમના સુપુત્ર ભરતસિંહ સોલંકી અને પુત્રવત્ અમિત ચાવડાની પાછળ એમનો પ્રચંડ પડછાયો રહ્યા કર્યો છે. માધવસિંહના કાર્યકાળને ગુજરાતના રાજકીય ઈતિહાસનો 'આધુનિક સોલંકીયુગ' કહી શકાય. જૈફ વયે રાજકારણથી તદ્દન અલગ થયા હોવા છતાં તેઓ જીવનમાં અંતિમ વર્ષોમાં પણ ગુજરાત કોંગ્રેસના આદરણીય મુરબ્બી અને હાઈકમાન્ડ માટે આશ્વાસનરુપ હસ્તી બની રહ્યા હતા. ગુજરાત વિધાનસભાની કુલ ૧૮૨ બેઠકો પૈકી ૧૪૯ બેઠકો જીતી લાવવાનો વિક્રમ માધવસિંહ સોલંકીના નામે નોંધાયો છે જે આંકડે પહોંચવાના દેશના વર્તમાન વડાપ્રધાન સહિતના ભારતીય જનતા પાર્ટીના અથાગ પ્રયત્નો આજ લગી નિષ્ફળ રહ્યા છે. આ અપ્રતિમ સફળથા પાછલ માધવસિંહ સોલંકીનું 'સર્વહારા' સમાજ (have nots) પ્રત્યેનું કમિટમેન્ટ જવાબદાર હતું. બક્ષી જાતિઓ પ્રત્યેની એમની પ્રતિબદ્ધતાને કારણે જ એમને એ ઐતિહાસિક વિજય સાંપડ્યો હતો. ગુજરાતના જાહેરજીવનમાં માધવસિંહ સોલંકી એક આગવો માઈલસ્ટોન બની રહ્યા હતા. એમના રાજકીય ઉદયથી લઈ ક્ષેત્રસંન્યાસ પર્યંત એ મૂઠી ઊંચેરા રાજકારણી તરીકે પંકાતા રહ્યા અને રાજકારણ કરતાં પણ સવિશેષ અને પત્રકારત્વ સાથેના એમના પ્રગાઢ સંબંધને કારણે સતત ચર્ચામાં રહ્યા. એમની જ ભાષામાં કહીએ તો રાજકારણમાં તો એ નિયતિવશ આવી ગયા હતા. મૂળભૂત રીતે તેઓ સાહિત્યના જીવ હતા. 'ગુજરાત સમાચાર'માં સેવાઓ આપી તે દરમિયાન જાણીતા લેખકો મોહંમદ માંકડ અને ભૂપત વડોદરિયા સાથે જે મૈત્રી સંબધ બંધાયો તે એમને માટે રાજકીય પદો કરતાં સવિશેષ મૂલ્યવાન બની રહ્યો હતો. શેખાદમ આબુવાલાથી લઈ કેશુભાઈ દેસાઈ સુધીના સર્જકો સાથે એમને ઘરોબો હતો. એક સંવેદનશીલ 'લોકનેતા' તરીકે એમની હરોળમાં મૂકી શકાય એવાં બહુ ઓછાં નામ જડશે. માસ લીડરની જે ખોટ અત્યારે ગુજરાત સહિત અખિલ ભારતીય સ્તરે કોંગ્રેસ અનુભવી રહી છે તેનો છેલ્લો માઈલસ્ટોન ખડી પડ્યો છે એમ કહેવામાં ભાગ્યે જ કોઈ અતિશયોક્તિ લેખાશે. ઈંદિરા ગાંધીના અત્યંત વિશ્વાસપાત્ર રાજકીય સાથી તરીકે એમની ઓળખ ઊભી થયેલી તો વળી નરસિંહરાવ જેવા વિદ્વાન વડાપ્રધાને એમની બહુશ્રુતતા મુજબ એમને વિદેશ ખાતાની મહત્ત્વની જવાબદારી સોંપેલી. મુખ્યમંત્રી તરીકે એમને ચાર વાર શપથગ્રહણ કર્યું હતું. એમના પ્રતિસ્પર્ધી ગણાતા બાબુભાઈ જશભાઈ પટેલ અને ચીમનભાઈ પટેલ જેવા નેતાઓ પણ સામે ચાલીને એમને મળવા જતા અને ગુજરાતના સર્વાંગીણ હિતમાં નર્મદા યોજના સહિતના પ્રશ્નો ચર્ચતા. ગુજરાતમાં એમને શરૂ કરેલી મધ્યાહ્ન ભોજન યોજના ગરીબ બાળકો અને વંચિત-દલિત-શોષિત સમાજ પ્રત્યેની એમની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ છે. દિવંગત નેતાને પરમકૃપાળુ પરમાત્મા એમનાં ચરણોમાં પરમ વિશ્રાંતિ આપે એવી પ્રાર્થના કરીએ.

# શિયાળો કોઈ બનાવટ વગર, જમાવટ કરી રહ્યો છે!

**આરપાર**
**રાઘવજી માધડ**

કુમળો તડકો ઓઢીને ઉભેલા વડીલો વચ્ચે આરોગ્યની ચર્ચા સરાણે ચઢી હતી. તેમાં એક વડીલે હસતા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા સહેજ આઘા ખસતા કહ્યું : 'ભાઈ,પહેલું સુખ તે જાતે નર્યા... એ સાચું. તન-મન તંદુરસ્ત હોયતો જગ જીતી ગયા સમજો.પણ...'અટકીને આગળ કહ્યું: 'પથારી કરવામાં સવાર પડી જાયતો પછી ઊંઘવાનું ક્યારે!?' કોઈ કાંઈ સમજ્યું ન હોય તેમ મોં વકાસી સામે જોઈ રહ્યા.તેથી સ્પષ્ટતા કરતા જણાવ્યું:'એ બધું કરવા બેસીએતો આખો દિવસ પણ ઓછો પડે !લ્યખાસ મોર્નિંગ વોકમાં નીકળેલા વડીલોનો આ સંવાદ હતો. આરોગ્ય અને લાઈફ સ્ટાઈલ સંદર્ભે ખોરાક, કસરત... વગેરેના સલાહ-સૂચનની વોટ્સએપ-મેસેજમાં જાણે ગંગા વહે છે !તે વાંચવા, સમજવામાં ખાસ્સો સમય પસાર થઈ એવું હોય છે.તેમાનું સારું-ખરાબ હોવાનો અહીં મુદ્દો નથી. પણ એ બધું કરવા બેસેતો તમારો હાથમાં ને સાથમાં હોય તે સમય ખર્ચાઈ જાય... પણ એક વડીલે તેમાંથી સાવ સસ્તો,રસ્તો કાઢતા કહ્યું : 'આપણે બગલા જેવું રાખવાનું,તે કાદવમાં ચાંચ નાખ્યા પછી... ખપ પૂરતું પેટમાં પધરાવે બાકીનું બહાર કાઢી નાખે!' આરોગ્યલક્ષી મેસેજમાં ઘણું રાખવાને કાઢી જેવું હોય છે.તેમાં અમુક વિગતો ઉપયોગી હોય પણ દરેકને આ બધું માફક આવે એવું ન પણ બને.ખતરો ઉભો થાય એવો અખતરો ન કરવો.અમલ પૂર્વે ડોક્ટરની સલાહ લેવી જરૂરી હોય છે.

લોકો હેલ્થ અંગેની કાળજી લેતા થયા ને રહ્યા છે. તેમાં કોરોનાકાળથી આરોગ્ય અંગેની જાણકારી અને સમજદારીમાં વિશેષ ઉમેરો થયો છે.જે લોકોએ સમજપૂર્વક સાવચેતી રાખી છે તેઓ રોગથી મુક્ત અને તંદુરસ્ત રહી શક્યા છે.જેમાં વ્યક્તિગત કે સામુહિક અવરનેસનો ફાળો ઓછો આંકી શકાય એવું નથી. મેડિકલ સુવિધાઓ સુલભ થઈ છે... ને લોકોના સરેરાશ આયુષ્યમાં વધારો થયો છે તે નરવી હકીકત છે.

શિયાળાએ કોઈ જાતની બનાવટ વગર બરાબરની જમાવટ કરી છે. ગુલાબી નહીં પણ કાળી,તીક્ષ્ણ ઠંડીનો પારો ગગડતો જાય છે. ઉનાળાને યાદ કરીએ તો, ઠંડી અસહ્ય ગરમીનો બદલો લેવા મેદાને પડી હોય એવું લાગે.પણ પાડા સામસામે ઝઘડે એમાં ઝાડવાનો ખો નીકળી જાય એમ... ઋતુઓના ઝઘડા કે વાદ-વિવાદમાં માણસો અને પશુ-પંખી લપેટમાં આવી જાય તેનું શું ? ખેર,કુદરતની કળા અકળ હોય છે. પણ શિયાળાની આ ઋતુમાં લોકો આરોગ્યની વિશેષ કાળજી લેતા હોય છે.તેમાં આવા વિવિધ મેસેજ દ્વારા પ્રાપ્ત થતી માહિતી, જાણકારી નિવૃત્ત માણસને પ્રવૃત્ત થવા પ્રેરે તે તદ્દન સ્વાભાવિક લાગે એવું છે.

ઘણાં લોકો કહે છે, એવું ધારે છે કે પોતાના પાસે આવું બધું કરવાનો,આચરવાનો સમય જ નથી. ત્યારે સહેજે સવાલ થાય કે, જીવવા માટે સમય ન હોય તો પછી... પાછળ કાંઈ બચતું નથી. હા, માની લઈએ એક તબક્કે આવા અવકાશનો અભાવ હોય પણ આરોગ્ય કથળ્યા પછી પથારીમાં પડ્યા રહેવાનું સ્વભાવમાં હોતું નથીતે ભારે આકરું લાગતું હોય છે. સમય ક્યાંથી કાઢવો ને સમય ક્યાં કાઢવો... આ મહામારી કોરોના કરતા પણ વિકરાળ અને વિનાશકારી હોય છે. જીવનના આ મોબાઈલમાં આયુષ્યનું કેટલું બેલેન્સ છે તેની કોઈને ખબર નથી. તેનો સઘળો કારોબાર સૃષ્ટિના સર્જનકર્તાએ બારોબાર નહીં પણ પોતાના હાથમાં રાખ્યો છે. તેમાં ક્ષણની વધઘટ થઈ શકે એવું નથી.પણ જે જીવન હોયતે તંદુરસ્તપણે જીવવા મળેતે અગત્યનું છે.

આપણે સદનસીબ છીએ. શિયાળો, ઉનાળો ને ચોમાસું... ત્રણેય ઋતુ માણવા ને અનુભવવા મળે છે. દરેક ઋતુનો આકરો ને આકરો મિજાજ હોય છે. તેમાં શિયાળાની સવાર, ઉનાળાની બપોર અને ચોમાસાની સાંજનું પોતીકું સૌંદર્ય હોય છે. જીવનની પ્રત્યેક પ્રભાત એટલે પ્રભુએ પૃથ્વી પર લખેલી પ્રેમની કવિતા છે.

અંતેતો આ બધું ઉત્તમ જીવન માટે છે. સ્વાસ્થ્ય સારું હોયતો જીવનના તમામ સુખ-સાહ્યબી ભોગ વવી સારી લાગે છે. જાતે સારા-નરવા ન હોઈએ તો ઘરમાં બધું હોવા છતાં કશું હોતું નથી. માણસ કેટલું જીવ્યો તેના કરતા કેટલું તંદુરસ્ત જીવ્યો તે અગત્યનું છે.

**છેલ્લે :**

**મોંઘામાં મોંઘી શીખ રસ્તામાં અને સસ્તામાં મળે છે !**

# શું તમે જાણો છો ? મન અને આત્માના કોષો શાશ્વત છે

**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**

ઈશ્વરનું સૌથી અટપટું અને અદભુત સર્જન એટલે ''માનવ'' પ્રત્યેક માનવને ઈશ્વરે મન અને આત્માની ભેટ આપી છે. અને આ બન્નેમાં ભરપુર ઈશ્વરીય શક્તિ પણ આપી છે. પરંતુ આપણે એનો સાચા અર્થમાં ઉપયોગ કરી શકતા નથી. કેમ કે આપણે આત્માને સ્થૂળ અર્થમાં જીવ માનીએ છીએ અને મન આપણા વશમાં નથી. આપણી માન્યતા છે કે આત્મા એટલે જીવ, શ્વાસ. એક રીતે આ સત્ય છે પણ ઊંડાણપૂર્વક જોઈએ તો આત્મા અમર છે અને શ્વાસ ગમે ત્યારે અટકી શકે છે. બંધ થાય છે. અને મનને આપણે ઈચ્છા સાથે જોડીને એના વિશે વિચારીએ છીએ કેમ કે મનમાં ભાવની સાથે અનેક વિભાવો પણ રહે છે. જેમ સત્યની સાથે અસત્ય રહે છે. ધર્મની સાથે અધર્મ રહે છે. આ બધું આપણા મનને ડહોળે છે. અને પરિણામે માનવીનું મન એના કાબૂમાં રહેતું નથી.

આમ જોઈએ તો મન એ મંદિર પર ફરકતી ધજા જેવું છે. જેને સ્થિર રાખવું અશક્ય છે. જીવનમાં જ્યારે કોઈ દુઃખદ ઘટના બને ત્યારે એની અસર આપણા મન પરથી જલદી ભૂંસાતી નથી. કેમ કે એ દુઃખદ ઘટના આપણા આત્માને સ્પર્શતી હોય છે. દા.ત. પરિવારમાં કોઈ સગા કે સંબંધીનું મૃત્યુ થાય તો એ આપણા આત્માને સ્પર્શે છે. મન પર એની અસર તીવ્ર હોય છે. કારણ કે એ મૃત્યુ પામનાર વ્યક્તિ આપણી સંબંધી કે સ્નેહી હોય છે. એના પ્રત્યેની લાગણી આપણા મનમાં છે. હવે એ વ્યક્તિ નથી રહી તેથી આપણા મનમાં એના પ્રત્યે રહેલી લાગણી અનાથ હોવાનો ભાવ અનુભવે છે. અને દુઃખી રહે છે. મન સ્થિર થતું નથી. અને મનમાં જો દુઃખ, ચિંતા કે ઉદ્વેગ હશે તો મન ક્યારેય સુખનો અનુભવ નહીં કરી શકે. આ માટે આપણે સાચા સુખની પરિભાષા સમજવી જરૂરી છે. કેમ કે સાચું સુખ મનની અનુભૂતિમાં જ રહેલું છે. આત્માની ઓળખમાં રહેલું છે. પણ આપણે આત્માને ઓળખ્યા વિના જ સુખ પાછળ દોડ્યા કરીએ છીએ અને હાથ લાગે છે દુઃખ. સુખ અને આનંદ-ખુશીમાં પણ તફાવત છે. જે દુઃખને હરાવે છે તેને સુખ કહે છે પણ જે દુઃખને મિટાવે છે તેને આનંદ-ખુશી કહે છે. સુખ ક્ષણિક છે પરંતુ આનંદ સ્થાયી છે. મનની દશા બદલાતા સુખની દશા પણ ફરી જાય છે. પરંતુ મનનું દુઃખ જો હંમેશાંને માટે દુર થઈ જાય તો આનંદની અનુભૂતિ આપોઆપ થાય છે. અને આ આનંદ ચિરસ્થાયી હોય છે. વ્યાપક હોય છે જીવનમાં સર્વત્ર હોય છે. આમ આપણા મનની દશાને સ્થિતિને આપણે સુખ તરીકે સ્વીકારીએ છીએ કે દુઃખ તરીકે એ આપણે જ નક્કી કરવાનું હોય છે. જેમ આકાશની સ્થિતિ સ્થિર છે તેમ આપણું મન પણ જો સ્થિર હોય તો જીવનમાં કોઈપણ ઘટના આપણા મનને વિચલિત કરી શકતી નથી. કોઈ ઘટના મન પર ઊંડી છાપ મૂકી શકતી નથી. સુખ દુઃખ એને પ્રભાવિત કરી શકતા નથી. અને મન એક ઊંચાઈ પર પહોંચી જાય છે. આ ઊંચાઈએ પહોંચ્યા પછી મન સુખ અને આનંદ વચ્ચેની ભેદરેખા ઉકેલી શકે છે. કેમ કે મન એ સમજતું થઈ જાય છે કે સુખ એ ઈચ્છાઓની પૂર્તિમાંથી જન્મે છે અને આનંદ એ ઈચ્છાઓની નિવૃતિમાંથી જન્મે છે. જે ચિરસ્થાયી છે. આને ચિદ્દાનંદ પણ કહી શકાય છે. ચિત્તનો આનંદ જે આત્મામાંથી ઉત્પન્ન થાય છે આપણા આત્માને પ્રફુલ્લિત રાખે છે. અને જો આત્મા પ્રફુલ્લિત રહે તો પરમાત્મા પણ ખુશ રહે છે. કેમ કે આત્માનો સીધો સંબંધ પરમાત્મા સાથે જોડાયેલો છે. આમ મન આત્માની ખુશીની અનુભૂતિ સૃષ્ટિની બાહ્ય ઘટનાઓ સાથે નહીં પણ મનની સૃષ્ટિ સાથે સંકળાયેલી છે. આપણા શાસ્ત્રોમાં પરમાત્માને આનંદ સ્વરૂપ માનવામાં આવ્યા છે.

**॥ ન પુણ્યં ન પાપં ન સૌરવ્યં ન દુઃખં ॥**

આત્મા - પરમાત્માની સ્થિતિએ ત્યારે પહોંચે છે જ્યારે તે પૂણ્ય કે પાપથી પર થઈ જાય છે. સુખ અને દુઃખની ભાવનાઓમાંથી પર થઈ જાય છે. એને કોઈ સ્થિતિ કે ઘટના કે વાત વિચલિત કરી શકતા નથી. એ સ્તુતિ અને નિંદાથી પણ પર છે. બસ જ્યારે એ પ્રત્યેક માણસને આ પોતાની અંદર રહેલા આત્માની આધ્યાત્મિક શક્તિની ખબર પડશે ને ત્યારે તે જીવનના સૌથી શ્રેષ્ઠ સુખની અનુભૂતિ કરી શકશે અને કરાવી પણ શકશે.

આત્માની શક્તિ વિશે જગતભરમાં ખુબ જ સંશોધનો થયા છે. આત્મા ક્યાંથી શરીરમાં પ્રવેશે છે અને શરીર છોડીને ક્યા જાય છે તે આજ સુધી કોઈ જાણી શક્યું નથી. આ સત્ય વિશે વેદ કે પુરાણો પણ કોઈ નક્કર વાત કરતા નથી અને વિજ્ઞાન કોઈ સંશોધન કરી શક્યું નથી. આપણે ત્યા તાંત્રિકો, તંત્ર સાધના દ્વારા મન અને આત્માની શક્તિ વિશે કેટલાક ચમત્કારો કરી શક્યા છે. આજે ૨૧મી સદીમાં પણ આ શક્તિનું અસ્તિત્વ છે. મનની સંકલ્પશક્તિ વિશે પણ અનેક પુસ્તકો, ગ્રંથો લખાયા છે. મન એ આપણું ધારેલું તમામ કાર્ય કરવા માટે રાખવામાં આવ્યું છે. પરંતુ આપણા મનની આ શક્તિથી આપણે જ સૌ અજાણ છીએ. જેમ ટી.વી.માં ચેનલ બદલીએ છીએ તેવી જ રીતે આપણે આપણા મનની સંકલ્પના બદલીને નવી દિશામાં પ્રયાણ કરી શકીએ છીએ. મનની શક્તિને ઓળખવામાં સપના ખુબ મોટી ભૂમિકા ભજવે છે. પરંતુ આજકાલ આપણે સપના જોવાનું જ છોડી દીધું છે. જો જીવનમાં મોટા સપના જોઈશું તો એને પુરા કરવા માટે આપણે મહેનત કરીશું અને મનમાં એક જીદ, સંકલ્પ લઈને આગળ વધીશું. વિશ્વનું બહુ પ્રસિદ્ધ પુસ્તક ''ધી સિક્રેટ'' પણ એ જ કહે છે કે '' તમે જે ધારો છો એ તમારા જીવનમાં બને જ છે '' કેમ કે તમે જે ધારો છો તે વિચારરૂપે સીધુ જ અંતરિક્ષમાં જાય છે અને કોઈ અદૃશ્ય શક્તિના પ્રભાવમાં આવીને એ ધારેલું આપણા જીવનમાં કોઈ ઘટના, પ્રસંગ કે અકસ્માતરૂપે આવી જ જાય છે. અને આ કારણે જ મોટા મોટા જ્ઞાની લોકો સપના જોવાનું કહે છે. આપણે ભલે સપનાને જોઈ શકતા નથી પણ એ પુરા થતા મન અને આત્માને પરમ શાંતિનો અનુભવ મળે છે. એ જોયેલા સપનાના દૃશ્યો આપણા જીવનમાં હકિકત સ્વરૂપે ઉતરે જ છે. આપણે ઘણી વખત જે વિચારીએ છીએ તે અચાનક બને છે. કોઈને સાચા દિલથી યાદ કરીએ છીએ અને તે જ વ્યક્તિ આપણને ફોન કરે છે કે મળી જાય છે કે અચાનક ઘેર આવે છે. જેને આપણે ટેલિપથી કહીએ છીએ. પણ આ એક આપણી અંદરની જ શક્તિનું પરમ સત્ય છે. આ શક્તિ પ્રત્યેની શ્રદ્ધા આપણને નથી અથવા કહો કે આપણા જ મનની નકારાત્મકતા આપણને આ અદભુત શક્તિથી વિમૂખ કરી દે છે. બાકી આપણે પણ આપણું ધાર્યું કામ કરી શકીએ છીએ. દુનિયાની સર્વશક્તિ કરતા મનની સંકલ્પ શક્તિ સર્વશ્રેષ્ઠ છે. એ આપણને બ્રહ્માંડને પેલે પાર સુધી લઈ જઈ શકે છે. આપણે વિશ્વના કોઈપણ ખૂણે બેઠેલી વ્યક્તિ સાથે વાતચીત કરી શકીએ છીએ. રામાયણ - મહાભારતના સમયમાં આવી શક્તિઓના પ્રયોગો થયેલા જોઈ શકાય છે. આજે ભલે કળિયુગ હોય પણ મન અને મંત્રની શક્તિથી આ સિદ્ધિ મેળવી શકાય છે.

આમ જોઈએ તો આપણું શરીર વિજ્ઞાન પ્રમાણે ચાલે છે, પરંતુ મન અને આત્મા પરાશક્તિ પ્રમાણે ચાલે છે. જેને હજી સુધી વિજ્ઞાન પણ સ્પર્શ કરી શક્યું નથી. શરીરના કોષો ભલે વધે ઘટે કે નાશ પામે પરંતુ મન અને આત્માના કોષો શાશ્વત છે. એ શરીર બદલીને પણ પોતાના સપના, ઈચ્છા પૂર્ણ કરે છે. પરંતુ આપણી એ કરૂણતા છે કે આપણી અંદરની જ શક્તિને આપણે ઓળખી શકતા નથી અને સંસારની માયાજાળમાં, મોહજાળમાં રચ્યા પચ્યા રહીએ છીએ.

# પતંગનો પત્ર!

**રગળપાટ**
**અજય ઉપાધ્યાય**

પ્રિય પતંગબાજો.... પ્રિય પતંગરસિયાઓ,

કેમ છો ? મજા માં ને ? મને ખબર છે કે ઓલમોસ્ટ એકાદ વર્ષથી કોરોનાના પાપે તમે બધા લગભગ ઘરમાં જ પુરાયેલા છો. માનવજાતને આમ બંધનમાં રહેવું ક્યાં ગમે છે? પણ થાય શું? કોરોનાએ ભલભલાને બાંધી દીધા છે. પણ કોઈ બાત નહીં. તમને મોકળા કરવા... ફરીથી એ જ ઉત્સાહમાં લાવવા અને 'તમે એકલા નથી' એવો સાથિયારો આપવા હું આવી ગયો છુ. હું યાને તમારો પ્યારો પતંગ. જી હા, આ વખતે ધાબે તમે 'ગયા વર્ષે કેવો જલસો કરેલો' એવી યાદોને વાગોળતાં વાગોળતાં ફરીથી એ જ જલસો માણવા તૈયાર હશો જ. સરકારી ફરમાન ભલે ને એવું હોય કે 'પાંચ-સાત કુટુંબીજનો' જ ધાબે ભેગા થઈ શકશે પણ આઈ એમ સ્યોર કે ધાબા તો ભરચક હોય તો જ સંક્રાંતની મજા આવે. હા, કોરોના હજુ સાવ ગયો નથી અને રસી બોલે તો વેક્સિન હવે કાઈ બહુ દૂર નથી એવામાં 'જરા સી સાવધાની' તો રાખવી જ પડશે પણ શું છે કે ધાબા પર ચિચિયારીઓ.....ધમાલ ના હોય તો તો મને પણ ઊડવામાં શેની મજા આવે હે...?

''પતંગનો ઓચ્છવ એ બીજું કંઈ નથી, પણ મનુષ્યના ઉમળકાઓનો છે ઘૂઘવતો વૈભવ !'' આવું આપણી ભાષાના સમર્થ કવિ શ્રીરમેશ પારેખ બરાબર જ કહી ગયા છે. અને આ ઉમળકાઓને મારાથી વધુ કોણ જોઈ શકવાનું છે. એક અગાસીથી બીજી અગાસી પર રચાતા તારામૈત્રકથી લઈને એક ધાબાથી બીજા ધાબા વચ્ચે સચવાતો શેરડી - બોર - તલસાંકળીનો વ્યવહાર એ જ તો છે ઉમળકાઓ - સંક્રાંતના ઉમળકાઓ. હા ભાઈ હા આમાં મને બાંધી અપાતી કોમ્પ્લિમેંટરી કિન્નાઓ... હું ઘાયલ થાવ ત્યારે લગાવતી ગુંદરપટ્ટીઓ.... હું જોરદાર પવનમાં આકાશના સ્ટેજ પર બરાબર ઝૂમતો - ડોલતો નર્તન કરતો હોવ ત્યારે ફીરકી પકડાવામાં કરાતી મદદો... 'સાથી હાથ બઢાના' ના ભાવથી શેરડીના સાંઠાની કરાતી ગંડેરીઓ... હું આકાશમાં મારા જ બીજા જાતભાઈ સાથે જ્યારે પેચ-યુધ્ધ ખેલતો હોવ ત્યારે વગાડાતા પપુડાઓ... કાન ફાડી નાખે એવો કરાતો શોરગુલ.... અને એ યુધ્ધના અંતે જો હું વિજેતા બનુ તો 'કાઈપો છે' ની સહિયારી ચીચયારીઓ... અને જો યુધ્ધમાં હું શહિદ થઈ જાવ તો ' આપણો દોર જ નબળો છે' કે પછી 'ખેચવાની જરૂર નહોતી' કે 'ઢીલ આપી હોત તો ના કપાત' જેવા આશ્વાસનો...! આટલા ઉમળકાઓ આખ્ખે આખો દિવસ કે ઈવન બીજા દિવસ સુધી પણ ક્યાં જોવા મળવાના અને ક્યાં તહેવારમાં ? બોલો ?

હા પણ એ ના ભૂલતા કે આ બધુ શક્ય છે બીકોઝ ઓફ મી. જી હા, સંક્રાંતના લોકોએ લોકોએ કદાચ અલગ અલગ ઉજવણીના મૂડ હોય શકે પણ લ.સા.અ. તો હું જ હોવાનો. હું તો દરવર્ષે જોવ જ છુ કે ધાબા પર એકઠા થયેલા સંક્રાંતિરસિયાઓમાં પણ અવનવા પ્રકારો હોય છે. અમુક રસિયાઓ ખરેખર પતંગબાઝ હોય છે. એમનો એકમાત્ર ધ્યેય હોય છે સવારથી રાત સુધી મને ઉડાડવાનો... ચગાવવાનો. એમનો આનંદ જ હું. મને ગુલાટીઓ ખવરાવવી...પેચ લડાવવા...પતંગો કાપવા જેવી મોજ આ લોકો વગર થાકયે અને નોનસ્ટોપ લેતા રહે છે. અમુકને મને ઉડાવવામાં ઓછો અને મારી દરકાર રાખવામા વધુ રસ હોય. હું જો ઈજાગ્રસ્ત થાવ તો મલમપટ્ટી આઈ મીન ગુંદરપટ્ટી કે હું બહુ નમતો હોવ તો કન્ની કે પછી ઘણીવાર મને પૂંછડા બાંધવા એમનું મુખ્ય કાર્ય અને મુખ્ય મોજ હોય. ઉડતા ઉડતા જો હું બહુ ઢળી પડતો હોવ જેને તમે 'છાપર ખાય છે' એમ કહો છો તો એવા વખતે મારો ઢઢો (કમાન યુ ક્નો) મરોડવાના માસ્ટર્સ પણ ધાબા પર હાજર હોવાના. આ બન્નેથી અલગ મારા ચાહકો એવા હોય છે જેમને આ બેમાથી એકપણ માં રસ ના હોય પણ એમને બસ ધાબે બેસવામાં અને મને ઉડાડતા પતંગબાજને પાનો ચડાવવામાં રસ હોય. ફિલ્મી ગીતોમાં જેમ કોરસ આવે ને બસ એમ જ 'કાઈપો છે' કે 'એ લપેટ' ના કોરસો આ લોકો ગાતા રહેતા હોય છે. ઘણા માત્ર કિન્ના બંધવાના સ્પેસિયાલિસ્ટ હોય તો 